અરજી નં.૩૫૦ તા.૨૦–૨–૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ તા.૨૧–૧–૦૯ની શ્રી ગુલામભાઈ મેમણ અરજીથી સીંગણપોર ગામમાં આવેલ નવા મહોલ્લામાં બનાવેલ હરીદર્શન સોસાયટીમાં ચાલતાં નવા બાંધકામનું સર્વે નંબર અને પ્લોટ નંબર તેનું બાંધકામ પ્લાન મુજબ બને છે ,જેમાં ગેરકાયદેસર બાંધકામ કેટલું?સદર જગ્યાના માલિક અને આર્કીટેક ના નામ સરનામાંની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૫૦/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૧–૧–૦૯ ની અરજીથી સીંગણપોર ગામમાં આવેલ નવા મહોલ્લામાં બનાવેલ હરીદર્શન સોસાયટીમાં ચાલતાં નવા બાંધકામનું સર્વે નંબર અને પ્લોટ નંબર તેનું બાંધકામ પ્લાન મુજબ બને છે,જેમાં ગેરકાયદેસર બાંધકામ કેટલું?સદર જગ્યાના માલિક અને આર્કીટેક ના નામ સરનામાંની માહિતી આપવા બાબતે સદર સોસાયટીમાં સ્થળ ઉપર એક જ બાંધકામ ચાલે છે છતાં ગોળ ગોળ જવાબ આપેલ હોય નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૬૧ તા.૭–૩–૦૯ થી ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક માહિતી મળેલ નથી.

અરજદારની તા.૨૧–૧–૦૯ ની અરજીથી સીંગણપોર ગામમાં આવેલ નવા મહોલ્લામાં બનાવેલ હરીદર્શન સોસાયટીમાં ચાલતાં નવા બાંધકામનું સર્વે નંબર અને પ્લોટ નંબર તેનું બાંધકામ પ્લાન મુજબ બને છે ,જેમાં ગેરકાયદેસર બાંધકામ કેટલું?સદર જગ્યાના માલિક અને આર્કીટેક ના નામ સરનામાંની માહિતી માંગવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ અંગે અરજદારને હરીદર્શન સોસાયટી રે.સ. નં.૧૧૬ થી ૧૨૦ છે જેમાં કુલ૬૧૯ સબ પ્લોટ આવેલા છે. તથા મુદ્દા નં.૪ અને ૫ થી અનુક્રમે સદર સોસાયટીના જમીન માલિક તથા આર્કીટેકના નામ સરનામાંની વિગત પૂરી પાડવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૨ અને ૩ ની વિગતે હરિદર્શન સોસાયટીના ચોકકસ સબ પ્લોટની વિગત કે સ્થળ દર્શાવેલ ન હોય પ્લાન અને બાંધકામની વિગતો પૂરી પાડી શકાય તેમ નથી તેવો જવાબ અરજદારને પાઠવવામાં આવેલ છે. આ ઉપરાંત જાહેર માહિતી અધિકારી ચોકકસ સબ પ્લોટની સ્પષ્ટ વિગતો પૂરી પાડયેથી માહિતી પુરી પાડવામાં આવશે તેવી તૈયારી દર્શાવેલ છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૨૧–૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૨ અને ૩ અંગે અરજદારની અસ્પષ્ટ અને સંદિગ્ધ બાબતે સબ પ્લોટના નામ અને નંબર આપ્યેથી જાહેર માહિતી અધિકારીએ માહિતી પૂરી પાડવાની તૈયારી દર્શાવેલ છે. અરજદાર તે અંગે ઈચ્છુક હોય તો દિન–૭ માં ચોકકસ વિગતો જાહેર માહિતી અધિકારીને પૂરી પાડી લાગુ પડતા કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરી માહિતી મેળવી શકે છે. તે સિવાયના મુદ્દા નં.૧ અને ૪ થી ૭ ની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ છે તેથી માહિતી પૂરી પાડવા અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૦૯.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ,